# **:: આંક–૦૧ નીચે હુકમ ::**

---

બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી.**ડી.વી.સાચાણી**

---

ગુન્હો:– **ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૮૧**

---

(૧) ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં–૫ માં જણાવેલ સમયે અને સ્થળે પોતાના કબજાનુ વાહન પુર ઝડપે બે ફીકરાઈ થી ગફલત ભરી રીતે પોતાની તથા અન્યની જીદગી જોખમાય તે રીતે ચલાવી આવી પકડાઈ જઈ આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરી, કાયદા મુજબની કાર્યવાહી કરી, તપાસ પુર્ણ કરી, આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો હોઈ, અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલુ.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતા આરોપી સામે ફરીયાદના સંદર્ભમાં ગુના અંગે પ્લી લેવામાં આવતા તેઓએ તેમની સામેના ગુનાનો સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરી, કબુલાત પુરશીશ તેઓની સહી થી રજુ કરેલ છે.

(૩) આ કામે આરોપી ધ્વારા ગુનાનો સ્વીકાર કર્યા બાદ તેઓએ તથા તેમના વિ.વ.શ્રી.એ મૌખીકમાં એવી દલીલ કરેલ છે કે, આરોપીના પરીવારની જવાબદારી તેઓની ઉપર છે અને આ તેમનો પ્રથમ વખતનો ગુનો છે જેથી તેઓની ઉપર રહેમ નજર રાખવા અરજ કરેલ છે. તેઓના વી.વ.શ્રી.દવારા આરોપીનો આ પ્રથમવખત નો ગુનો હોવાનું જણાવી તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે.

(૪) કોર્ટ ધ્વારા આરોપીને પુછવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે અને તેઓની ઉપર આ તેમનો પ્રથમ વખતનો ગુનો હોઈ રહેમ નજર રાખવા અને કાયદામા ઠરાવેલ સજા કરતા પણ ન્યુનતમ સજા કરવા અરજ કરેલ છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહી થાય તેની બાંહેધરી આપેલ છે.

(૫) આ કામે હાલના આરોપી સામેના આ પ્રથમ વખતનો ગુન્હો હોવાનું રેકર્ડ પર રજુ થયેલ છે તેમજ હાલના આરોપી ઉપર આ જ પ્રકારના બીજા કોઈ ગુના નોધાયેલ હોય તેવુ ફરીયાદ પક્ષે રેકર્ડ પર રજુ કરેલ નહી હોય આરોપીનો આ પ્રથમ વખતનો ગુનો હોવાનુ માનવાને કારણ રહેતુ હોય આરોપીને આ ગુનાના કામે ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માનભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમાં તેમને કાયદામાં જણાવેલ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનું છું.

(૬) નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહું ચુકાદાના પાન નં.૭૨૧ ઉપર પેરા–૨૧ માં કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સં જોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે.તેથી કાયદા માં ઠરાવેલ ન્યુનતમ સજા તથા દંડ કરતા પણ ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેવુ આ કોર્ટ માને છે. અને સજા અંગે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો

આખરી હુકમ ફરમાવું છું.

**—: હુ ક મ :—**

- આરોપી—**ઈમરાનભાઈ અબ્દુલભાઈ સુંભણીયા,** રહે.મુ.સલાયા, તા.ખંભાળીયા, જી.દેવભુમિધ્વારકાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ—૨૭૫ અન્વયે **ભારતીય ન્યાય સંહિતાની કલમ—૨૮૧** મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી **રૂા.૬૦૦/— (અંકે રુપીયા છસો પુરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી ઉપરોકત ગુનામાં કુલ દંડ ન ભરે તો દિન—૭ (સાત) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ અન્વયે અગાઉનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે જો મુદ્દામાલ વાહન અન્વયે કોઈ હુકમ ન થયેલ હોય તો, મુદ્દામાલ માલીકે મુદ્દામાલ વાહન પરત મેળવવા માલીકી અંગેના દસ્તાવેજ લાગતા વળગતા પો.સ્ટે.માં રજુ કરી મુદ્દામાલ વાહન પરત મેળવવા હુકમ થયેથી દિન—૩૦ માં કાર્યવાહી કરવી, જો સમય મર્યાદામાં મુદ્દામાલ વાહન પરત મેળવવા કાર્યવાહી ન થાય તો ક્રીમીનલ મેન્યુઅલ મુજબ તે સમય પુરો થયેથી મુદ્દામાલ વાહનનું વેચાણ કરી મળી આવતી રકમ રાજય સાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ **તા.૧૪,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪—૦૩—૨૦૨૬**
સ્થળ : ખંભાળીયા.

**( ધ્રુવરાજસિંહ બી. ચૌહાન )**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ખંભાળીયા.
**જી.જે.૦૧૭૩૨.**